ડાંગર સંશોધન કેન્દ્ર,
આણંદ કૃષિ યુનિવર્સિટી
ડભોઇ – ૩૯૧ ૧૧૦, જી. (વડોદરા)

# ડાંગર સંશોધન કેન્દ્ર, આકૃયુ, ડભોઈ ખાતે ખેડૂત શિબીરનું આયોજન કરવામાં આવ્યું

ડાંગર સંશોધન કેન્દ્ર, આણંદ કૃષિ યુનિવર્સિટી, ડભોઈ ખાતે કાર્યરત સરદાર સરોવર પ્રોજેક્ટ યોજના અંતર્ગત તા.૧૧ ફેબ્રુઆરી ૨૦૨૬ ના રોજ ડભોઇ ખાતે ખેડૂત શિબીરનું આયોજન કરવામાં આવ્યું. જેમા ડભોઇ તાલુકાનાં કુલ ૫૫ જેટલા ખેડૂત ભાઈઓએ ઉત્સાહ ભેર ભાગ લીધેલ હતો.

કચેરીના મદદનીશ પ્રાધ્યાપક ડૉ. એસ. વી. મહીડા દ્વારા પ્રારંભિક અત્રેના સંશોધન કેન્દ્ર વિષે તેમજ તેની કામગીરી વિષે ટૂંકમાં માહિતી હતી. ત્યારબાદ કઠોળ વર્ગના પાકોની વૈજ્ઞાનિક ખેતી વિષે ખેડૂત ભાઈઓને માહિતગાર કર્યા હતા. તેમાં ખાસ મગની GAM-5, GAM-8 ની જાત અંગેની ખેતી પધ્ધતિ અને તેના ફાયદા વિષે જાણકારી આપેલ. વધુમાં તેમજ સોઇલ ટેસ્ટીંગ વિષે વિગતવાર માહીતી આપી હતી.

સરદાર સરોવર પ્રોજેક્ટ અંતર્ગત કાર્યરત ખેતી મદદનીશ શ્રી. રણજીતભાઈ પી. પઢિયાર આધુનિક ખેતી પધ્ધતિ વિષે ચર્ચા કરેલ તથા મગના પાકમાં પાણી તેમજ ખાતર વ્યવસ્થાપન વિષે માહીતિ આપી હતી.

સરદાર સરોવર પ્રોજેક્ટ અંતર્ગત કાર્યરત ખેતી મદદનીશ શ્રી .મહેશભાઇ એમ. રાઠવા એ અળદની વૈજ્ઞાનિક ખેતી પધ્ધતિ વિષે સમજણ આપી હતી જેમાં જૈવિક ખેતી ઉપર ભાર મૂકવામાં આવ્યો હતો.


AAU
ડાંગર સંશોધન કેન્દ્ર
સરદાર સરોવર યોજના અંતર્ગત

